# શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ હોસ્પીટલ

આંખ વિભાગ તરફથી મેઘરજ તાલુકાની આસ-પાસ ૪૦ થી ૫૦ કી.મી. વિસ્તારમાં આવેલ ગામડાઓમાં નિયમીત રીતે સ્ક્રીનીગ કેમ્પનું આયોજન કરવામાં આવે છે મોતીયાનાં ઓપરેશન લાયક દર્દીઓને હોસ્પિટલમાં લાવી જરૂરી લેબોરેટરી તથા શારિરીક તપાસ કર્યા પછીજ મોતીયાનાં ઓપરેશન કરવામાં આવે છે અને બીજા દિવસે સવારે પાટો બદલી, જરૂરી દવાઓ અને કાળા ચશ્મા આપી દર્દીઓને પરત સ્ક્રીનીગ કેમ્પના સ્થળે એમ્બુલન્સ દ્વારા મુકી દેવામાં આવે છે.

દર્દીઓના રોગનું નિદાન સચોટ રીતે થાય અને ખુબજ ઓછા ખર્ચે સારવાર / ઓપરેશન થાય તે માટે હોસ્પિટલમાંજ ડીજીટલ એ-ક્સરે મશીન તથા સી.આર. સીસ્ટમ, ઈ.સી.જી. મશીન-૨, સોનોગ્રાફી મશીન - ૨, ઓપરેશન થીયેટર ૪ ની સાથે આધુનીક સાધનોથી સુસજ્જ કોમ્પ્યુટરાઈઝ લેબોરેટરીની સગવડતા ઉભી કરવામાં આવેલ છે.

શાંતાબેન હરગોવિંદદાસ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા, શેઠ શ્રી મનસુખ છગનલાલ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ, કોમ્બેટ બ્લાઈન્ડનેસ ઈન્ટરનેશનલ, અમેરીકા, શ્રી બાબુલનાથ મંદીર ચેરીટીજ, મુંબઈ, ઠાકરસી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ તથા જલારામ સેવાશ્રમ ટ્રસ્ટ, વડોદરા ના આર્થીક સહયોગ થી મફત નેત્રમણી પ્રત્યારોપણ કેમ્પ, આંખના ટીપાં તથા દવાઓ, રૂા. ૩૦ માં નંબરના ચશ્મા અને સ્કુલમાં ભણતા બાળકોને મફત નંબરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું.

વૃક્ષારોપણ :- છેલ્લા ચાર વર્ષથી હોસ્પિટલ કેમ્પસની આજુબાજુ દિવાલ બનાવી ૧૦૦ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા હતા તેમાં આવર્ષે વાત્રક નદીના કિનારે દિવાલ બનાવી વધુ ૫૦ વૃક્ષો રોપવામાં આવ્યા આ વૃક્ષો તથા ટ્રી ગાર્ડ સેવા મંડળ મેઘરજ - કસાણ તરફથી મળ્યાં છે અને આ માટેનો આર્થિક સહયોગ આદરણીય મુરબ્બી શ્રી પ્રફુલ્લભાઈ વોરા તથા શ્રી બાબુભાઈ તાડપત્રીવાળા મુંબઈના મિત્રો સંબંધીઓ તરફથી મળ્યો છે.

Scanned by CamScanner